**(સને ૧૯૭૩ ક્રિ.પ્રો.કોડની કલમ ૩૫૫ મુજબનો ચુકાદો)**

**અમદાવાદના એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં. ૧૮, અમદાવાદ**

(અ) કેસ નંબર:- ૭૪૯૫૫/૧૮

(બ) ગુન્હો બન્યાની તારીખ:- ૪/૭/૧૮

(ક) ફરિયાદીનું નામ:- :સરકાર

(ડ) આરોપીનું નામ/ સરનામું :- વિજય દોલતરામ લોહાણા

(ઈ) ફરિયાદીમાંનો આરોપી અથવા સાબિત :- ધી ઈ.પી.કોડની કલમ - ૧૮૮ તથા
થયેલો આરોપ. જી.પી.એકટ કલમ ૧૩૧

(ફ) આરોપીનો જવાબ અને તપાસણી :-

સવાલ:- તમો આંક ૧ મુજબનો આક્ષેપિત ગુન્હો કબુલ કરો છો કે તમારે બચાવ કરવો છે?
જવાબ:- અમોને ગુન્હો કબુલ છે.

આરોપીની સહી..............................

અમદાવાદ.
તા. ૮/૯/૧૮

મારી રૂબરૂ

એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૧૮, અમદાવાદ.

(૧) આ કામમાં નરોડા પો. સ્ટેશન ધ્વારા આરોપી વિરૂધ્ધ ધી ઈ.પી.કોડની કલમ – ૧૮૮ તથા જી.પી.એકટ કલમ ૧૩૧ મુજબના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે. આ કામે આરોપી અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિ.પ્રો.કોડ કલમ ૨૦૭ અન્વયે વિના મૂલ્યે આપવામાં આવેલ છે. આરોપી તરફે સ્પેશીયલ સીંટીગ અન્વયે હાજર રહેલા છે અને તેઓએ સ્પેશીયલ સીંટીગ અન્વયે સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરવા માંગતા હોય તેઓ ધ્વારા ગુના કબુલાત પુરશીશ આંક– ૨ થી રજુ કરેલ છે અને ત્યાર બાદ આરોપીની ચાર્જશીટમાં જણાવેલ ગુના માટે પ્લી/ નિવેદન લેતાં તેમાં પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૨) સજા બાબતે આરોપીને સાંભળતા. આરોપી આ તેમનો પ્રથમ ગુનો છે તેમ જણાવે છે અને ગુના બદલ પસ્તાવો થાય છે અને ભવિષ્યમાં આ પ્રકારનો ગુનો ફરીથી નહિ કરવા ખાત્રી આપે છે અને દયા કરવા જણાવે છે. એ.પી.પી.શ્રી એ આરોપીઓને કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

(૩) આ કેસની તમામ હકીકત તથા સંજોગોને તથા આરોપી વિરૂધ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતાં ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરુ છું.

## **:–હુકમ–:**

આરોપીને ક્રિ.પ્રો.કોડ કલમ ૨૫૨ હેઠળ ધી ઈ.પી.કોડની કલમ – ૧૮૮ તથા જી.પી.એકટ કલમ ૧૩૧ ના ગુના માટે તકસીરવાન ઠરાવી રૂા. ૧૦૦/–(અંકે રૂપિયા સો પુરા ) પુરા દંડ કરવામાં આવે છે. જો દંડ ના ભરે તો આરોપીને ૧ (એક) દિવસ સાદી કેદની સજા કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા. ૮/૯/૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા. ૮/૯/૧૮

(બી.સી. ઠકકર)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટેટ,
કોર્ટ નં. ૧૮, અમદાવાદ.
જજ કોડનં.જી.જે.૦૦૬૯૫